'જન બળ' અને 'ધન બળ' ના જોરે 'મોટા'માં ખપી તો જવાય પણ 'મહાનતા' નો ગુણ સંપન્ન બનવાથી મળે
- જીનેન્દ્રજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૧ | ૧ સપ્ટેમ્બર, ૨૦૧૩, રવિવાર; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાણી અને દબાણ નગરના પ્રાણપ્રશ્નો

## સંકલન સમિતિની બેઠકમાં પાણી અને દબાણના મુદ્દા છવાયેલા રહ્યા : ગટરના કામો એક માસમાં પૂર્ણ કરવા કલેક્ટરની તાકીદ

## પૂરા ફોર્સથી પાણી પુરવઠો મળે તે જોવા સૂચના : દબાણો માટે એક્શન પ્લાન તૈયાર કરી સંયુક્ત ઓપરેશન હાથ ધરવા જણાવ્યું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં પીવાના પાણીની સમસ્યા તેમજ દબાણના મુદ્દાઓ આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં છવાયેલા રહ્યા હતા.

શહેરના નવા સેક્ટરો તેમજ કેટલાક જુના સેક્ટરો તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પુરા ફોર્સથી પાણીનો પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદો રજુ થઈ હતી. આજ બેઠકમાં શહેરમાં વધતા જતા ગેરકાયદેસર દબાણોના મુદ્દે પણ ધારાસભ્યો અને ચૂંટાયેલી પાંખના પ્રતિનિધિઓ મેયરશ્રી રાણા તેમજ આશિષ દવેએ પણ ઉગ્ર રજુઆતો કરતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના ગેરકાયદે દબાણો દૂર કરવા માટેનો આખો એક્શન પ્લાન તૈયાર કરી માર્ગ-મકાન વિભાગને રજુ કરવા જણાવ્યુ છે એટલુ જ નહિ આ ઓપરેશન માર્ગ-મકાન વિભાગ, મહેસુલીતંત્ર તેમજ પોલીસતંત્ર સંયુક્ત રીતે હાથ ધરશે. આ માટે ત્રણે વિભાગોને સુયોગ્ય સંકલનમાં રહી આગળ વધવા જણાવવામાં આવ્યું છે.

આ બેઠકમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં સીટીસર્વેની હાલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કુપોષિત બાળકોની સંભાળ માટે આવતીકાલે ત્રણ બાલશક્તિ કેન્દ્રો આરંભાશે

## શહેરમાં હાલ કૂપોષણના રેડઝોનમાં ૮૦ બાળકો આવરી લેવાયા છે : બોરીજ, આદિવાડા અને સે.૨૪ ખાતે કેન્દ્રો શરૂ થશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા મુખ્યમંત્રીની મિશન બલમ્ સુખમ યોજના અંતર્ગત કુપોષિત બાળકોની સંભાળ માટે ત્રણ બાલશક્તિ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેનો સોમવારે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા પ્રારંભ કરાવશે.

મિશન બલમ્ સુખમ યોજના અંતર્ગત કુપોષણથી પિડાતા બાળકોને મુક્ત કરવાનું અભિયાન ત્રિસ્તરીય છે. ગાંધીનગર શહેરમાં બાલ શક્તિ કેન્દ્રો બોરીજ, આદિવાડા અને સે. ૨૪ ખાતે શરૂ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં હાલ કુપોષણના રેડઝોનમાં આવતા ૮૦ બાળકોને આવરીલેવામાં આવ્યા છે. આ બાળકોને આ ત્રણ શક્તિ કેન્દ્રોમાં એક મહિના સુધી રાખવામાં આવશે અને કુપોષણમાંથી મુક્ત કરવામાં આવશે.

આ બાલશક્તિ કેન્દ્રમાં બાળકોને રાખતા પહેલાં તેમનું રજીસ્ટ્રેશન કરી અને આરોગ્ય વિષયક ચાર્ટ તૈયાર કરવામાં આવશે.

આ શક્તિ કેન્દ્રમાં બાળકોને પાંચ સમય ભોજન નિર્ધારીત માત્રામાં આપવામાં આવશે એટલુ જ નહિ બાળકના માતા-પિતાનું પણ કાઉન્સીલીંગ કરવામાં આવશે અને દર સપ્તાહે તેના આરોગ્ય ચાર્ટને અપડેટ કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીની ફ્લેગશીપ યોજનાનો ગાંધીનગરમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ માટે તંત્ર દ્વારા પુરેપુરી તૈયારીઓ કરી લેવામાં આવી છે. ઉદ્ઘાટન સમારોહમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉપરાંત અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે.



રસોઈ કળા - આજકાલ ટી.વી. પર રસોઈ-શૉની બોલબાલા વધતી જાય છે ત્યારે આ દૃશ્ય કેવું સુંદર લાગે છે... કોઈ આડંબર વગર, કોઈ કેમેરા પર નજર વીના - માત્ર ને માત્ર પેટની આગ બુઝાવવા જાત મહેનત જીંદાબાદ સૂત્રને ચરિતાર્થ કરી શ્રમજીવી યુવક કેવી મસ્ત અદામાં રોટલો શેકી રહ્યો છે... આમ તો ગાંધીનગરમાં રાજકીય રોટલા શેકનારાઓની સંખ્યા ઢગલાબંધ છે... પરંતુ આ શ્રમજીવી પોતાની મસ્તીમાં પોતાના જ માટે પોતાની ભૂખ સંતોષવા જાતે લોટ બાંધી, થેપી અને ચુલા ઉપર રોટલો શેકી રહ્યો છે... (તસવીર : દિપક જાની)

Hotel Pathikashram Celebrates
Grand Ganeshotsav 2013
From 9-15 September. At Hotel Pathikashram Party Plot.
DANCE & SINGING
COMPETITION
AUDITION TODAY TIMING
Singing @ 9:00am | Dancing @ 5:00pm
મહિલાઓ માટે ખાસ કાર્યક્રમો
Nr. S.T. Depo., GH-3 Circle, GH Road, Sector-11, G'nagar

GPSC 1 / 2, PSI ક્લાર્ક તલાટી
PSI નવી સ્પેશિયલ બેચ
GPSC 7-9-2013 થી શરૂ
6 માસનો કોર્ષ
VISION ACADEMY
સંચાલક : પ્રા. કલ્યાણસિંહ ડાભી
M.A., M.Ed., M.Phil., LL.B.
બીજો માળ, ગાંઠિયા રથની ઉપર,
ઘ-૨ સર્કલ પાસે, સેક્ટર-૨/સી,
ગાંધીનગર. મો. : ૯૮૭૯૬૩૬૯૧૦

મીનરલ વોટર પ્લાન્ટ
8511010101
D-11, Diamond Park, G.I.D.C.
Naroda, Ahmedabad.
INDIAN ION EXCHANGE.COM

હોટલ પથિકાશ્રમ ઉજવે છે.
મહા ગણેશ ઉત્સવ-૨૦૧૩
સ્ટોલ બુકીંગ માટેનો છેલ્લો દિવસ ૩ સપ્ટેમ્બર ૨૦૧૩
સ્ટોલ બુકીંગ અને વધુ માહીતી માટે સંપર્ક કરો.
9825801780, 9825801782, 9925023554

zaikedaar tadka
Executive Lunch @ 99/- only.
Premium Dinner @125/- only.
Lunch Packs @99/- only
OUTDOOR CATERING
Enjoy dinner with live music @ 175/-
(only of Saturday and Sunday) 7 p.m. onwards
For more details kindly contact : 9724142556,9638020888

રાધે
Prem Ni Mithaas
પવિત્ર શ્રાવણ માસે
ઉમંગે ઉજવો પ્રેમની મીઠાશ...
ફરાળી નમકીન, ફરાળી ગરમ ફરસાણ,
ફરાળી ચાટ વાનગીઓ, ફરાળી સ્વીટ, ફરાળી બિસ્કિટ.
Follow us on
www.premnimithaas.com
talk2us@premnimithaas.com

પવિત્ર શ્રાવણ માસ નિમીતે........ફરાળી અલ્પાહાર
વૃન્દાવન
SECTOR - 21
A-12, District Shopping Centre
Nr. Reliance Sector 21, Gandhinagar
Phone: 079 2324 7788, 6572 7788
SECTOR - 07
4, Main Shopping Center, Sector-7, Gandhinagar (Guj.)
Ph: 079 2322 4466 6572 6112
3654, Main Shopping Center, Sector-3, Gandhinagar (Guj.)
Ph: 079 6572 5140
સ્પે. ફરાળી ચાટ
ફરાળી બાસ્કેટ ચાટ
ફરાળી આલુ ચાટ
ફરાળી દહીવડા
ફરાળી આલુ ટીક્કી
ફરાળી ખીચડી/પાત્રા
ફરાળી ચાટ ભેળ-પુરી
ફીંગર ચીપ્સ
સ્પે. ફરાળી નમકીન
ફરાળી ડ્રાયફ્રુટ ચેવડો
ફરાળી લીલો ચેવડો
ફરાળી ફુદીના ચેવડો
ફરાળી કેળા ચેવડો
ફરાળી સુકીભેળ/સેવ
ફરાળી ફુલવડી/ટમટમ
ફરાળી તળવાવડાં/પુરી
સ્પે. ગરમા-ગરમ
ફરાળી બફવડાં
નાળીયેર પેટીસ
સાબુદાણા પેટીશ
રતાળુ કટલેસ
ફરાળી પાતરા
ફરાળી ખીચડી
જય અંબે સ્વીટ માર્ટ
JAY AMBE SWEET MART
2, Main Shopping, Sector - 22
Gandhinagar (Guj.) Phone: 2322 6060
BRANCH
Opp. IBP Petrol Pump
GH-5 Corner, Sector - 22
Gandhinagar, Phone 2324 9450